# પરદેશમાં પ્રભુનો પ્રસંગ : સાહેબજી અને સંતોને સંગ

## ઈંગ્લૅન્ડમાં સંતભગવંત સાહેબજીનાં પરમ સાંનિધ્ય

ગુરુદેવ યોગીજી મહારાજે સંતભગવંત સાહેબજીને આશીર્વાદ આપ્યા હતા કે, 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન કાજે શાસ્ત્રીજી મહારાજ ડમણિયામાં ફર્યા, તેમની કૃપાથી અમને મોટરગાડીમાં ફરવા મળ્યું, પણ તમે વિમાનમાં બેસીને સૌને સત્સંગ કરાવશો !' – આ આશીર્વાદ સાકાર થયા. ને પરિણામે, સંતભગવંત સાહેબજી સર્વ પ્રથમ વખત ઈંગ્લૅન્ડ-અમૅરિકાની ધર્મયાત્રાએ પધાર્યા અને ત્યારબાદ વિશ્વના અનેક દેશોમાં વિચરણ કરી સૌને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું શુદ્ધ, સનાતન જ્ઞાન આપી સુખિયાં કર્યાં. તેઓની આ વૈશ્વિકયાત્રા ઈ.સ. ૧૯૭૩માં શરૂ થઈ, તેને આ વર્ષે પચાસ વર્ષ થઈ રહ્યાં છે. જેની ઉજવણી અનુપમ મિશનનાં વિશ્વનાં વિવિધ કેન્દ્રોના ભક્તો ભક્તિભાવે કરી રહ્યા છે. વૈશ્વિક ધર્મયાત્રાની સુવર્ણ જયંતી વર્ષનો આરંભ થયો અને ભારતના ભક્તોની ભાવભરી વિદાય લઈને સંતભગવંત સાહેબજી ૧૧ જૂન ૨૦૨૩ના રોજ બ્રહ્મજ્યોતિ, ડૅન્હમ-ઈંગ્લૅન્ડ પધાર્યા. સંતો-ભક્તોએ હૃદયના ઉમળકાથી તેઓનું સ્વાગત કરી વંદનાઓ ધરી.

૧૨ જૂન ૨૦૨૩ના રોજ મંદિરમાં સ્વાગત-મિલન સભા યોજાઈ અને બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજના પ્રાગટ્યદિન નિમિત્તે ભક્તિવંદના અર્પણ થઈ. ગુરુદેવ યોગીજી મહારાજ અને પ.પૂ. કાકાજી મહારાજના મહિમાનાં ગાન કરી સંતભગવંત સાહેબજીએ ભક્તોને પ્રેરક બોધ અર્પણ કર્યો. યોગીબાપાએ આપેલ બ્રહ્મસૂત્ર 'સંપ, સુહૃદભાવ, એકતા' અને કાકાજી મહારાજે આપેલ બ્રહ્મસૂત્ર 'એકતા એ જ એકાંતિકપણું'ની સમજણ આપી અદ્‌ભુત સત્સંગલાભ પ્રદાન કર્યો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહીને ધન્યતા અનુભવી.

અનુપમ મિશન, યુ.કે.ની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર યુરોપના પ્રથમ હિન્દુ સંસ્કૃતિ સંગત 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'નાં નિર્માણ આરંભ પૂર્વે બ્રહ્મસ્વરૂપ પૂજ્ય મહંત સ્વામીજી મહારાજે શ્રી ઠાકોરજીની કૃપાપ્રસાદી રૂપી પુષ્પો સ્વહસ્તે સંતભગવંત સાહેબજીના વરદ્‌હસ્તે પ્રસ્તાવિત નિર્માણભૂમિ પર પધરાવવા પોતાના આશીર્વાદ સાથે સાધુ પૂ. હિમંત સ્વામી હસ્તક પહોંચાડ્યાં. ૧૨ જૂન, ૨૦૨૩, બ્રહ્મસ્વરૂપ પૂજ્ય કાકાજીના પ્રાગટ્યદિને સંતભગવંત સાહેબજીએ આ કૃપાપુષ્પોની 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ની પ્રસ્તાવિત ભૂમિ પર મહાપૂજા પશ્ચાત્ આશિષવૃષ્ટિ કરવાની કૃપા કરી. આ પળ ઐતિહાસિક બની ગઈ. આ પ્રસંગે અનેક અક્ષરમુક્તો પધાર્યા અને આ દિવ્ય પ્રસંગના સાક્ષી બની ધન્ય થયા.

૧૩ જૂનના રોજ અનુપમ મિશન, ઈંગ્લૅન્ડના ટ્રસ્ટીઓ સાથે મીટિંગ કરી માર્ગદર્શન આપ્યાં. ૧૪ જૂનના રોજ 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ની સેવા સાથે સંકળાયેલા સેવકો, દાતાઓને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. ૧૫ જૂનના રોજ અઠવાડિક સત્સંગસભામાં વચનામૃત ગઢડા પ્રથમ-૧૬ : 'વિવેકનું'નું નિરૂપણ કરી સૌને આધ્યાત્મિક લાભ પ્રદાન કર્યો. ૧૬ જૂનના રોજ વૅમ્બલી, કિંગ્સબરીમાં ભક્તોના ઘરે પધારી પ્રાર્થનાઓ કરી તેમજ ધર્મેશભાઈ-દર્શિતાબહેનના ઘરે યોજિત સત્સંગસભામાં દિવ્ય લાભ આપ્યો. સાંજે યુવાનો-યુવતીઓને સત્સંગ-સમાગમનો લાભ આપી 'હું મંદિરનો અને મંદિર મારું' તથા 'પ્રથમ પ્રભુ પછી પગલું' એ ભાવના દૃઢ કરાવી.



ઈંગ્લૅન્ડમાં સંતભગવંત સાહેબજીની વૈશ્વિક ધર્મયાત્રા સુવર્ણ જયંતી પર્વની ઉજવણી



પ.પૂ. મહંત સ્વામી મહારાજે મોકલાવેલ પ્રસાદીપુષ્પની વૃષ્ટિ પૂર્વે પ્રાર્થના

૧૮ જૂનના રોજ સંતભગવંત સાહેબજીની વૈશ્વિક ધર્મયાત્રાના સુવર્ણ જયંતી પર્વની સભા મંદિરમાં યોજાઈ, જેમાં ખૂબ મોટી સંખ્યામાં ભક્તો અને ગણમાન્ય મહાનુભાવો પધાર્યા. સંતભગવંત સાહેબજીએ આબાલવૃદ્ધ સૌનાં જીવનમાં આધ્યાત્મિક, આત્મિક ઉત્થાનનાં જે દિવ્ય અને અલૌકિક કાર્ય કર્યાં છે તેના ધન્યભાવ અનેક અક્ષરમુક્તોએ આ સભામાં વર્ણવ્યા.

ગુરુહરિ પ્રત્યેનું ઋણ ચૂકવવાના સંકલ્પો કરી સૌએ ગદ્ગદભાવે વંદનાઓ ધરી. ૧૯ જૂનના રોજ સૌની ભાવભરી વિદાય ઝીલી ઈંગ્લૅન્ડના હિથ્રો ઍરપૉર્ટ પરથી ફ્લાઈટમાં ન્યૂયૉર્ક-અમેરિકા પધાર્યા. ◆

## સંતભગવંત સાહેબજીની અમેરિકામાં દિવ્ય સંનિધિ

ભક્તોને ભક્તિનું અપાર સુખ આપવા, પરમ સાંનિધ્ય અને સત્સંગનો લાભ પ્રદાન કરવા તેમજ લૉસ ઍન્જલસ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવા સંતભગવંત સાહેબજી ૧૯ જૂનની રાત્રે અમેરિકા પધાર્યા. સર્વ પ્રથમ ઍલનટાઉન મંદિરે પધારી ભક્તોના સ્વાગતભાવ ઝીલ્યા અને રૂડા આશીર્વાદ વરસાવ્યા. અમેરિકાના નિષ્ઠાવાન અક્ષરમુક્ત મૂકેશભાઈ કઢીવાલા અક્ષરધામ સિધાવ્યા તે નિમિત્તે ૨૦ જૂનના રોજ તેઓના ઘરે પધારી, ધૂન-પ્રાર્થના કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં અને પરિવારજનોને બળ પૂરાં પાડ્યાં. સાંજે મંદિરે પ્રાર્થનાસભામાં સૌને દિવ્ય લાભ આપ્યો અને પરિસરમાં જે સ્થાને શ્રી હરિકૃષ્ણ મહારાજની અભિષેક મૂર્તિની પ્રતિષ્ઠા થવાની છે, તે સ્થાનનાં દર્શને પધારી જરૂરી માર્ગદર્શન આપ્યાં.

૨૧ જૂને મૂકેશભાઈ કઢીવાલાની અંતિમ સંસ્કારવિધિમાં પધારી, તેઓની સેવા-ભક્તિને બિરદાવી, સૌને બળ અને આશ્વાસન આપ્યાં.

૨૨ જૂનના રોજ હરિધામ, સોખડાના અધિષ્ઠાતા પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી પધાર્યા, તેમને આવકાર્યા અને સ્વાગતસભામાં મોટી સંખ્યામાં પધારેલ સૌએ તેઓના દિવ્ય આશીર્વાદનો લાભ લીધો. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ પણ આશિષ પ્રદાન કરી સૌને કૃતાર્થ કર્યાં.

૨૩ જૂનના રોજ સંતભગવંત સાહેબજી લૉસ ઍન્જલસ પધાર્યા. ઍરપૉર્ટ પર સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતો-અક્ષરમુક્તો સ્વાગત કરવા પધાર્યા. ૭૩ દિવસ બાદ પૂ. અશ્વિનદાદાને સંતભગવંત સાહેબજીનાં પ્રત્યક્ષ દર્શન થતાં ઍરપૉર્ટ પર જ તેઓએ દંડવત્ પ્રણામ કરી ભક્તિનો પરમ ભાવ તથા હૈયાના આનંદને વ્યક્ત કર્યો. નૂતન મંદિરે યુવતીઓએ નૃત્યભક્તિ અદા કરી સ્વાગતભાવ ધર્યા. અમિતભાઈ, મિહિરભાઈ, મહર્ષિભાઈ, યશ્વીબહેન આદિના નેતૃત્વે સેવા કરતાં યુવાનો-યુવતીઓને મળી પ્રસન્નતા વ્યક્ત કરી.

૨૪ જૂન ૨૦૨૩ના રોજ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો ૮૨મો પ્રાગટ્યદિન ઉજવાયો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ સંતો-અક્ષરમુક્તોએ હૃદયની અપાર લાગણીઓ વહાવી વંદના ધરી. આ પ્રસંગે પરેશભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, રીતુબહેન નિગમ, ભાવિશાબહેન ટેલરે સ્વાનુભવોનાં સુંદર વર્ણન કરી માહાત્મ્યગાન કર્યાં. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદાએ સૌનાં જીવનમાં કરેલ અકલ્પ્ય કાર્યને અંતરની ભાવનાથી વ્યક્ત કર્યું અને તેઓના શ્રીચરણે ભક્તિભાવે વંદના અર્પણ કરી. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ અઢળક આશીર્વાદ વરસાવી સૌને સ્નેહવર્ષામાં ભીંજવી દીધાં. યોગીબાપાના કાયદે એટલે કે, સંપ, સુહૃદભાવ અને એકતાના ભાવે સેવા કરવાની સમજ આપી. વિશેષ તો કૅલિફૉર્નિયા પ્રદેશનાં આગેવાનો અને યુવાનો-યુવતીઓની સેવાને બિરદાવી રાજીપો વરસાવ્યો. ◆



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે સ્વાગત સભામાં સાહેબજીનાં આશીર્દાન



પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીની સ્વાગત સભામાં સાહેબજીનાં આશીર્દાન